"નમો નમઃ શ્રી ગુરુ નેમિસૂરયે
Jainuniversity.org અને મા સરસ્વતી ભક્તિ ગ્રુપ આયોજીત
સરસ્વતી સમ્યક જ્ઞાન પ્રતિભા શોધ અભિયાન
પ્રેરણા તથા આશીર્વાદ દાતા : જિન શાસન શણગાર પરમ પૂજ્ય
આચાર્ય ભગવંત શ્રી વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી મ. સા.ના શિષ્યરત્ન સરસ્વતી સાધક
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી કુલચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ
સચોટ સવાલના સચોટ જવાબો - અંતર્ગત જ્ઞાન પ્રતિભા ધારક વિજેતાનો જવાબ
અને અન્ય સ્પર્ધકોના જવાબ"

# સવાલ નંબર 8

👉 સવાલ નંબર-8 પૂર્વભૂમિકા: જીવનમાં દરેકને નાની-મોટી સમસ્યાઓ આવતી હોય છે, અને કનડતી પણ હોય છે દરેક વ્યક્તિ તેનાથી છુટકારો મેળવવા પ્રયત્ન પણ કરતા રહે છે તો ...સવાલ: સૌથી મોટી સમસ્યા કઈ અને તેનાથી મુક્ત થવાનો સાચો ઈલાજ કયો?

👉 सवाल नंबर-8 पृष्ठभूमि: हर किसी के जीवन में बड़ी और छोटी समस्याएं हैं, और वह परेशान भी कर रही हैं। हर कोई इससे छुटकारा पाने की कोशिश कर रहा है, तो ...सवाल: सबसे बड़ी समस्या क्या है और इससे छूटकारा पाने का सही इलाज क्या है?

**WINNER - Q 8: RITA SHAH (0) HYDERABAD TELANGANA**

**WINNER'S ANSWER :**

**Rita Shah (0) Hyderabad Telangana**

जय जिनेंद्र, जय गुरुदेव,
आज का सवाल है सबसे बड़ी समस्या क्या है और इससे छुटकारा पाने का सही इलाज क्या है तो व्यक्ति की सबसे बड़ी समस्या है इच्छाएं आकांक्षाएं कामनाएं इन लालसाओ में मानव डूबता रहता है यदि इन सभी पर व्यक्ति विजय प्राप्त कर ले तो उनका जीवन नंदनवन बन जाता है।
ज्यादातर मनुष्य में धन-संपत्ति और गुण संपत्ति का एक साथ मिलन कम देखने को मिलता है जिसके पास धन संपत्ति होती है, वह गुण संपत्ति से दरिद्र होता है, और जिसके पास गुण संपत्ति होती है, उसके पास धन संपत्ति का अभाव दिखाई देता है। जिसके पास दोनों का सहयोग हो वही व्यक्ति चारों और प्रशंसा का पात्र बनता है हमें किसी की अपेक्षा कामना और राग द्वेष के बगैर आगे बढ़ना चाहिए वही सच्चा समाधान है।
धन्यवाद
रीटा शाह
**9394027175**
हैदराबाद

# સવાલ નંબર 8

👉 સવાલ નંબર-8 પૂર્વભૂમિકા: જીવનમાં દરેકને નાની-મોટી સમસ્યાઓ આવતી હોય છે, અને કનડતી પણ હોય છે દરેક વ્યક્તિ તેનાથી છુટકારો મેળવવા પ્રયત્ન પણ કરતા રહે છે તો …સવાલ: સૌથી મોટી સમસ્યા કઈ અને તેનાથી મુક્ત થવાનો સાચો ઈલાજ કયો?

👉 सवाल नंबर-8 पृष्ठभूमि: हर किसी के जीवन में बड़ी और छोटी समस्याएं हैं, और वह परेशान भी कर रही हैं। हर कोई इससे छुटकारा पाने की कोशिश कर रहा है, तो ...सवाल: सबसे बड़ी समस्या क्या है और इससे छुटकारा पाने का सही इलाज क्या है?


| | |
|---|---|
| TOP-2-Urvi Shah (30) Ahmedabad | પ્રપંચ કે પ્રલોભન થી પરાણે પડવેલ પારકાના પૈસા ……. તે<br>પામતા ની સાથે જ, પળભરમાં પરપોટા થઈ પાણી થઈ જશે…….<br>જ્યારે પરિશ્રમ, પુરુષાર્થ અને પ્રમાણિકતાથી પ્રાપ્ત કરેલ પસીનાની પુંજી,<br>પારસમણિ ની જેમ પ્રજ્વલિત થઈ પ્રગતિના પંથે પ્રસરતી જ જશે.<br>કેમ છો પૂછતા સુખીરામ એકદમ સરળતાથી  સહજતાથી કહેશે મજામાં,<br>જ્યારે દુઃખીરામ કકળાટ કરી રડશે.દરેક વાત સરળતાથી સમજનાર<br>સુખી, ના સમજ દુઃખી.<br>હસિહસાવી , હૃદયના હેતને હિંચકાવિશું હિંમતથી તો હજારો હાલાકી હલ<br>થશે.હૃદય રહેશે હૃષ્ટપુષ્ટ.<br>વિઘ્ન કરતાની જેમ વિશ્વમાં વેર નું વિનાશ વધારવાને બદલે વિઘ્નહર્તા<br>બની, વખતસર વાવીશું વ્હાલ ની વાવણી……તો<br>થતો રહેશે વિપુલ વિશ્વાસ અને વિકાસ.<br>સમયસુચકતા વાપરી વેળાસર વાવીશું વ્હાલ ભરી વાવણી તો દુશ્મનો<br>પણ દોડી આવી દોસ્ત બનશે. |
| TOP-3-Chandresh Mehta (57) Malad Mumbai, Maharashtra | સંસારમાં રહેલા સુખોની આશા અને ઈચ્છા સમસ્યાનું સર્જન કરે છે. તનાવ, અશાંતિ, સંતાપ, પોતાની મહત્વતા, અહંકારભાવ, કષાયો, રાગ, દ્વેષ, કલહ વિગેરેથી ઉભી થતી પરિસ્થિતિ માનવ જીવનની સૌથી મોટી સમસ્યા છે. વર્તમાનમાં covid-19 ની મહામારીનો ભય સમસ્યા છે. જો કે "સંસાર જ સૌથી મોટી સમસ્યા છે તું સર્વ વિરતીનો અંગીકાર કર."<br>સમસ્યા છે ત્યાં ધર્મ તો નથી જ. સમસ્યામાં રડે, પડે, લડે, સડે એ અજ્ઞાની છે. પ્રેમ, દયા અને કરુણા સમાધાન વ્યક્તિની છાપ છે. સમસ્યાનું સમાધાન માણસને નીડર બનાવે છે. ધીરતા, નિશ્ચય અને પુરુષાર્થ દ્વારા સમસ્યાને દુર કરી શકાય છે. જો કે જીવનમાં સમસ્યાતો આવવાની જ તેમાંથી બહાર આવવા એક મિત્રની જરૂર છે તે છે ધર્મ. આશા અને ઈચ્છાઓને ત્યાગ કર બાહ્ય સુખ દુઃખ પ્રત્યે તું બેભાન બનીજા, આત્માનુભુતીના અલૌકિક અને અદભુત આનંદ પ્રત્યે તું પૂર્ણ સભાન બનીજા. આત્મીય સુખ, શાંતિ અને આનંદની અનુભૂતિ થશે અને મોટી સમસ્યાઓ દૂર થશે.<br>"મુકી દે પારકી પંચાતને, અંતરમાં ઉતરીજા એ જ માર્ગ જીવનની ઘણી સમસ્યાઓનું સમાધાન કરશે." |

# સવાલ નંબર 8

👉 સવાલ નંબર-8 પૂર્વભૂમિકા: જીવનમાં દરેકને નાની-મોટી સમસ્યાઓ આવતી હોય છે, અને કનડતી પણ હોય છે દરેક વ્યક્તિ તેનાથી છુટકારો મેળવવા પ્રયત્ન પણ કરતા રહે છે તો …સવાલ: સૌથી મોટી સમસ્યા કઈ અને તેનાથી મુક્ત થવાનો સાચો ઈલાજ કયો?

**👉 सवाल नंबर-8 पृष्ठभूमि: हर किसी के जीवन में बड़ी और छोटी समस्याएं हैं, और वह परेशान भी कर रही हैं। हर कोई इससे छुटकारा पाने की कोशिश कर रहा है, तो ...सवाल: सबसे बड़ी समस्या क्या है और इससे छुटकारा पाने का सही इलाज क्या है?**

**TOP-4-Bhadra Dharamshi (74) Bagalkot, Karnataka**


સદાચાર બાહ્યધર્મમાં પ્રથમ પાયો છે. પરમ ધર્મ છે. વિચારોની ઉચ્ચતા સાથે આચારોને ક્રિયતામાં લઈ જવાની
જ પ્રેરણા છે. જે સંતસમાગમ થી મળે છે. સદાચારની ઉંચાઈએ પહોંચવામાં ગુણદ્રષ્ટિ સહાયક છે. કૃષ્ણમહારાજ
શ્રી નેમીનાથને વંદન કરવા જતાં રસ્તામાં દુર્ગંધયુક્ત કૂતરીને જોતાં.. મોઢું ન ફેરવતાં.. ત્યાં જ થંભી ગઈ..
તેની તરફ દ્રષ્ટિ કરતાં બોલ્યા.. કેવી દાડમની કળી જેવી દંતપંક્તિ છે! કેવી સજ્જનતા! કેવા વિચાર!

M. No. 9036907596 ॐ ભદ્રા એચ. ધરમશી તા.30-9-2020

અનાદિ અનંતકાળથી સંસાર પરિભ્રમણનું.. જન્મ-જરા-મરણનું.. સુખ-દુઃખનું.. તાપ-સંતાપનું.. કલેશ-કંકાસનું..
રાગ-દ્વેષનું અવિરત ચક્ર ચાલુ છે. સુખ અને સદ્‌ગતીને પામવાના પ્રયત્નો કરવા છતાં હારેલા-થાકેલા સાધકને
દેવ-ગુરુ-ધર્મનો જ આશરો સહાયકારક છે. ગુરુભગવંતોની પ્રેરણાથી આત્માને પરમાત્માની શરણાગતીનો
સ્વીકાર થાય. અને સ. દર્શનનું દાન પ્રભુ પાસે પ્રાપ્ત થાય. તથા આત્માનો મોક્ષ તરફની યાત્રાનો પ્રારંભ
થાય. દર્શન વિના તપ-સંયમ-ક્રિયાઓ એકડાવિનાના મીંડા જેવી છે. જેથી આગમના ચીંધેલા માર્ગે
વ્યવહારને નિશ્ચયને સાથે રાખી સ. દર્શન.. સ. જ્ઞાન.. સ. ચારિત્રથી મુક્તિની મંઝીલોને પામવા
પ્રબળ પુરૂષાર્થ કરી શકીએ. જ્ઞાન અને ક્રિયાના સમન્વય વિના મોક્ષ નથી. જ્ઞાન ક્રિયાભ્યામ્ મોક્ષઃ।
આત્માનુભૂતિનો આનંદ તથા સંવેદના થતાં પુણ્યશાળી બની જશું. સંસારથી
આટલું સમજશે એટલે દર્શનની મહત્તા સમજશે. સ્વભાવદશા પૂર્ણતાનું પગલું છે સમજશે.
સિદ્ધશીલા તરફની યાત્રામાં ઈચ્છીત સિદ્ધિની પ્રાપ્તિ થશે. માટે અનાદિથીની ભૂલ ટાળી..
મોહનીય કર્મનો ક્ષયોપશમ થશે ને ... ગુરૂભગવંતોની પ્રેરણાથી... સર્વે સમસ્યા નીવારી.. મોક્ષગામી બનીએ..
સ્વચ્છંદતાને ત્યાગી..

**TOP-5-Kanjibhai Maheshwari (80) Gandhidham-Gujarat**

જય જિનેન્દ્ર· સવાલ-૮
સૌથી મોટી સમસ્યા કઇ?
અને તેનાથી મુક્ત થવાનો સાચો ઈલાજ ક્યો?
··· જવાબ···
અહં-મમ···વિચાર જ મોટી સમસ્યા છે ·
ઈલાજ·· ન અપેક્ષા·· ન ઉપેક્ષા ····
જીવ જ્યારે કર્તાભાવે ભાવિત થઇને જે કંઇ પ્રવૃતિ કરેછે ·,તેનાથી કર્મબંધ થાયછે ·વ્યવહારમાં ,અહં-મમભાવ આવ્યો ,એટલે આત્મા કર્તા બન્યો ·એ કર્તાભાવે કરાયેલ કર્મનું ફલ અચૂક મલવાનુ-ભોગવવાનુ છે ·એ ફલ દુઃખ રુપ હોય ત્યારે માણસને સમસ્યારુપ લાગેછે ·પણ સુખરુપ કર્મફલ તેને સમસ્યારુપ લાગતું નથી ! અહીં જ મોટી સમસ્યા ઉભી થાય છે ·
ચેતન આત્મા જ્યારે કર્મધારા માંથી બહાર નીકળી સમ્યગ્દ્રષ્ટિ અનુભવે ત્યારે ગ્યાનધારામા આવે છે · ગ્યાનધારામા પ્રવેશલ ચેતન હવે સમજતો થાયછેકે : કર્તાભાવ થી કર્મબંધ થાયછે ·અકર્તાભાવથી નહીં સમસ્યા નડતરરુપ છે તે વ્યવહાર નયથી જ છે · નિશ્ચયનયથી કોઈ સમસ્યા નથી ·આપણી પાસે ગજ સુકુમાર નો દ્રષ્ટાંત મોજુદ છે ·
રોજિંદા જીવનની ગતિ માં કર્તાભાવથી મુક્ત થવા આપણાં માનસિક વિચારને પરિવર્તનમાં લાવવું જોઈએ·
અકર્તાભાવની સક્ષમ વિચારધારા જ સમસ્યાનો સાચો ઉપાય છે !
લખાણમાં મારી ભૂલ હોવી શક્યછે· મિચ્છામિ દુક્કડમ !


# સવાલ નંબર 8

👉 સવાલ નંબર-8 પૂર્વભૂમિકા: જીવનમાં દરેકને નાની-મોટી સમસ્યાઓ આવતી હોય છે, અને કનડતી પણ હોય છે દરેક વ્યક્તિ તેનાથી છુટકારો મેળવવા પ્રયત્ન પણ કરતા રહે છે તો ...સવાલ: સૌથી મોટી સમસ્યા કઈ અને તેનાથી મુક્ત થવાનો સાચો ઈલાજ કયો?

**👉 सवाल नंबर-8 पृष्ठभूमि: हर किसी के जीवन में बड़ी और छोटी समस्याएं हैं, और वह परेशान भी कर रही हैं। हर कोई इससे छुटकारा पाने की कोशिश कर रहा है, तो ...सवाल: सबसे बड़ी समस्या क्या है और इससे छुटकारा पाने का सही इलाज क्या है?**

## TOP-6-Pravina Shah (63) Mumbai Maharashtra

0


સવાલ૮
સૌથી મોટી સમસ્યા કઈ અને તેનાથી મુક્ત થવાનો સાચો ઈલાજ કયો?
જવાબ૮ સમસ્યાનો અંત આવતો નથી એજ મોટી સમસ્યા. સમસ્યા સંઘર્ષ થી હલ થયા પછી તૃપ્તિ થવી જોઈએ તે જીવને થતી નથી. સ્વના દોષો, દુષ્કાર્ય, દુર્બુદ્ધિ, દુષ્કાર્ય દુઃખોની ખાણ છે. તે જીવ ને સમજ. સંસારીની જગ્યાએ સાધુજીવન, આચાર, વિચાર માં સ્વની વૃદ્ધિ સમજાય છે. પંચમહાવ્રતધારી, સદાચારી, કલ્યાણમિત્રોના સહવાસ જ શુભ પરિણામ લાવી શકે.
સાદગી, સરળતા, સમાધિ, સમર્પણ, દયા, ક્ષમા, આદર ભાવ, ત્યાગ, નમ્ર, જીવદયા વગેરે હૃદય થી સ્વીકારી સ્વ ને ગુણો ને (આત્મા) પ્રગટ કરવા પડે. ગુણોની વૃદ્ધિ, પોતાની સ્થિરતા શ્રદ્ધા આવે ટકાવી રાખવી
ઘણા ગુણો હોવા છતા એક ગુણ તમને ભવપાર કરાવે એક દુર્ગુણ નરક ગતિ નું કારણ બની જાય. દા.ત રાવણ
"રાગના ત્યાગ વિના મુક્તિ નથી"
"સમસ્યાનો અંત સિદ્ધમાં પરમ શાંતિ"..
Pravina Shah (m) 9819519110
D-1/3 Dwarkesh Park,
Ground Floor Behind H.D.F.C.
Saibaba Nagar, Borivali (w)
Mumbai - 400092.

## TOP-7-Purviben Shah, NC - USA

Purviben, NC, USA

સવાલ: સૌથી મોટી સમસ્યા કઈ અને તેનાથી મુક્ત થવાનો સાચો ઈલાજ કયો?

8 માણસના જીવનમાં ચાર પ્રકારના અલગ-અલગ સંકટો આવતાં હોય છે. ધર્મસંકટ, સત્ય સંકટ, કરુણા સંકટ, અને વ્રત સંકટ.જેમ જીવનમા આગળ વધીએ છીએ તેમ તેમ જીવન આપણી પરીક્ષા લેતુ રહેતું હોય છે તે માટે 3 અલગ અલગ કાળ બતાવ્યા છે."શક્તિ કાળ,શાંતિ કાળ, અને ક્રાંતિકાળ"

શાંતિ કાળમાં આપણી પાસે ધનની શક્તિ,મનની શક્તિ પૈસાની શક્તિ, બુદ્ધિનીશક્તિ છે અને તે સમયમાં આપણે દુઃખને દૂર કરીએ છીએ શાંતિ કાળમાં દોષોને ખતમ કરીએ છીએ પણ દોષો અને દુઃખને ખતમ કરવા થી કામ ન લાગે તે માટે ક્રાંતિકાળને જીવનમાં લાવવું પડશે. ક્રાંતિકાળમા કર્મોને ખતમ કરવાનું છે આ ભવમાં જો દુઃખોને ખતમ કરશું તો શક્તિનો કાળ ગણાય છે માત્ર દોષો ખતમ કરશું તો શાંતિનો કાળ ગણાશે આ બંનેને લાવનાર કર્મોને ખતમ કરવું જરૂરી છે જેને ક્રાંતિ નો કાળ કહેવાય છે.

શક્તિ કાળમાં પદાર્થ ભેગા કરવાની દોડ,

શાંતિકાળમાં પ્રસન્નતાની દોડ,


તો ક્રાંતિકાળ માં માણસ ની દોડ પરમાત્મા તરફ હોવી જોઈએ કર્મોનો સફાયો કરવો જોઈએ કર્મ જ સૌથી વધુ સમસ્યા લઈ આવે છે જીવનમાં. આવતી સમસ્યામાંથી મુક્ત થવાનો ઇલાજ છે.ધર્મ પ્રત્યે જિજ્ઞાસા વધારવાની. ધર્મમાં જેમ બને એમ વધુ પ્રવૃત્તિઓ ધર્મની કરવી,ધર્મની આરાધના,પ્રભુ ભક્તિ કરવી. આપણે જડમૂળથી આપણા કર્મો ને દૂર કરવાના છે.

# સવાલ નંબર 8


👉 સવાલ નંબર-8 પૂર્વભૂમિકા: જીવનમાં દરેકને નાની-મોટી સમસ્યાઓ આવતી હોય છે, અને કનડતી પણ હોય છે દરેક વ્યક્તિ તેનાથી છુટકારો મેળવવા પ્રયત્ન પણ કરતા રહે છે તો …સવાલ: સૌથી મોટી સમસ્યા કઈ અને તેનાથી મુક્ત થવાનો સાચો ઈલાજ કયો?

**👉 सवाल नंबर-8 पृष्ठभूमि: हर किसी के जीवन में बड़ी और छोटी समस्याएं हैं, और वह परेशान भी कर रही हैं। हर कोई इससे छुटकारा पाने की कोशिश कर रहा है, तो …सवाल: सबसे बड़ी समस्या क्या है और इससे छुटकारा पाने का सही इलाज क्या है?**

## TOP-8-Tusharbhai - Khambhat


તુષાર કાપડીયા
ખંભાત
9924768120
પ્રશ્નઃ- સૌથી મોટી સમસ્યા કઈ? તેનાથી છુટકારો મેળવવાનો સાચો ઈલાજ કયો?
જવાબઃ- દુઃખભર્યા આ સંસારમાં સમસ્યાઓનો ક્યાં કોઈ તોટો હોય છે? [illegible]

## TOP-9-Bharti Kalpesh Gala - Mumbai


સૌથી મોટી સમસ્યા ઈર્ષાળુ સ્વભાવ અને તેનાથી કોઈ બાકાત નથી.
એક વ્યક્તિને બીજી વ્યક્તિથી
એક સ્ત્રીને બીજી સ્ત્રીથી
એક સંઘ ને બીજા સંઘ થી
એક વેપારીને બીજા વેપારીથી
એક દેશ ને બીજા દેશથી
હકીકત આજે એ છે પોતાની કોઈ સમસ્યા જ નથી પણ સામે વાળાને જોઈને સમસ્યા ઉત્પન્ન કરીએ છીએ. પોતાનું સુખ છોડીને સામે વાળાનું દુઃખ પણ સુખ જેવું લાગે છે ને દુઃખી થઈને સમસ્યા ગળે વળગાવી એ છીએ.
અને આ સમસ્યા થી છુટવાનો એક જ ઉપાય.
"કર્મ ના સિદ્ધાંત પર અતૂટ શ્રદ્ધા"
કારણ કે પોતાના નસીબનું કોઈના લઈ જવાનું નથી અને નસીબમાં નહિ હોય તો મળવાનું નથી. પોતાની જાતને અને વ્યવહારને જોતા શીખો. અને લોકો જે સારા કાર્યો કરે છે તેની અનુમોદના કરીને કર્મક્ષય કરો અને આપણને જે મળ્યું છે તેનો સદ્ઉપયોગ લોક કલ્યાણ માટે કરો. અને જે થઈ રહ્યું છે અથવા થાવી રહ્યું જીવનમાં તેને આનંદ સાથે અને સુદ્રષ્ટિ થી જુઓ તો નક્કી જીવનમાં પરિવર્તન થશે.


ભારતી કલ્પેશ ગાલા
9833772827
ગોરેગાવ

# સવાલ નંબર 8

👉 સવાલ નંબર-8 પૂર્વભૂમિકા: જીવનમાં દરેકને નાની-મોટી સમસ્યાઓ આવતી હોય છે, અને કનડતી પણ હોય છે દરેક વ્યક્તિ તેનાથી છુટકારો મેળવવા પ્રયત્ન પણ કરતા રહે છે તો …સવાલ: સૌથી મોટી સમસ્યા કઈ અને તેનાથી મુક્ત થવાનો સાચો ઈલાજ કયો?

👉 सवाल नंबर-8 पृष्ठभूमि: हर किसी के जीवन में बड़ी और छोटी समस्याएं हैं, और वह परेशान भी कर रही हैं। हर कोई इससे छुटकारा पाने की कोशिश कर रहा है, तो …सवाल: सबसे बड़ी समस्या क्या है और इससे छूटकारा पाने का सही इलाज क्या है?

TOP-10-Chandrahas Vora


नोट/NOTES:
સૌથી મોટી સમસ્યા મૃત્યુ નો ભય છે
તેનાથી મુક્ત થવા દરરોજ જેમ આપણે
આપણા જીવનમાં આવેલા દરેક આનંદદાયિક
પ્રસંગો ને ઉજવવાની ઘણા સમય થી તૈયારી કરીને
ઉજવીએ છીએ તે રીતે સમાધિ મરણની તૈયારી
દરરોજ ૧૦થી ૧૫ મીનીટ ફાળવી તેનું સ્મરણ કરવું